# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૨૬ તા. ૧૨-૧-૧૮**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સને ૨૦૧૮-૧૯ના વર્ષ દરમ્યાન નિવૃત્ત થનાર કર્મચારીઓની વિગત તૈયાર કરી મોકલવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય બાબતમાં જણાવવાનું છે કે તમારી શાળાનાં કર્મચારીઓ પૈકી સને ૨૦૧૮/૧૯માં નિવૃત્ત થનાર કમચારીઓની વિગત નીચે આપેલ નમૂના મુજબના આડાપત્રકમાં બે નકલમાં તૈયાર કરી એક નકલ તમારી ઝોન ઓફિસમાં અને બીજી નકલ પેન્શન વિભાગ એલિસબ્રીજ શા.૧૦માં રૂબરૂમાં સમયમર્યાદામાં મળે તે રીતે મોકલી આપવી.

આ વિગત મોકલવા સબંધી નીચે મુજબની સુચનાઓ/બાબતો અચુક ધ્યાનમાં રાખવી.

૧ તમારી શાળાનાં માહે ડિસેમ્બર-૧૭ના ઝોન ઓફિસમાં મોકલવામા આવતા કોમ્પ્યુટર ડેટા-માહિતી પત્રક તેમજ પગારબીલનાં આધારે શિડયુઅલ પોસ્ટના તમામ કર્મચારીઓ પૈકી જેઓ આગામી વર્ષમાં એટલે કે સને ૨૦૧૮-૧૯ના વર્ષ દરમ્યાન (તા.૧-૪-૧૮ થી તા.૩૧-૩-૧૯) વયમર્યાદા પૂર્ણ થતાં નિવૃત્ત થવાને પાત્ર છે. તેવા કર્મચારીઓની વિગત ફુલસ્કેપ કાગળમાં બે નકલમાં તૈયાર કરવાની છે.

૨ ટીચીંગ સ્ટાફ કર્મચારીઓ પૈકી આચાર્યશ્રી, આ.શિ.સંગીત શિક્ષક, પૂ.પ્રા.શિક્ષક, ઘડીયાળ વર્ગ, રેકઝીન વર્ગના શિક્ષક, સંચાલક કે જેમની જન્મ તારીખ ૧-૪-૬૦ થી તા.૩૧-૩-૬૧ સુધીમાં આવતી હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષની ઉમર તા.૧-૪-૧૮ થી તા.૩૧-૩-૧૯ સુધીમાં પુરી થશે. તેથી તેઓ સને ૨૦૧૮-૧૯ માં નિવૃત્ત થવાને પાત્ર થશે.

૩ ચોથા વર્ગના કર્મચારીઓ પૈકી પગી, પા.પા. તેડાગર, ઘડીયાળવર્ગ- રેકઝીન વર્ગના પા.પા. પટાવાળા તેમજ ઓફિસ સ્ટાફના પટાવાળા કે જેમની જન્મ તા.૧-૪-૫૮ થી તા.૩૧-૩-૫૯ હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની ઉંમર તા.૧-૪-૧૮ થી તા.૩૧-૩-૧૯ સુધીમાં પુરી થશે. તેઓ સને ૨૦૧૮-૧૯માં નિવૃત્ત થવાને પાત્ર બનશે.

૪ અ.નં.૨ અને ૩માં જણાવેલ સમયગાળા દરમ્યાન જન્મેલા અને નિવૃત્ત થવાને પાત્ર એવા કર્મચારીઓની વિગત મોકલવાની છે.

૫ જે શાળામાંથી કોઈ કર્મચારી નિવૃત્ત થતા ન હોય તો પણ આડુ પત્રક બનાવી **<u>"અત્રેની શાળામાંથી કોઈ કર્મચારી નિવૃત્ત થતા નથી."</u>** તે મતલબનું લાલ અક્ષરમાં પત્રકમાં સર્ટી આપી પત્રક અવશ્ય મોકલવાનું છે.

૬ જે શાળામાંથી કર્મચારી નિવૃત્ત થતા હોય તેમની વિગત આડાપત્રકમાં દર્શાવી નીચે મુજબનું સર્ટી. આપી પત્રક મોકલવાનું છે. "આડાપત્રકમાં જણાવેલ ઉપરોકત નિવૃત્ત થતા કર્મચારીઓ સિવાયના બીજા કોઈ કર્મચારીઓ નિવૃત્ત થતા નથી. તેની ખાત્રી કરી ચોકસાઈપૂર્વક યાદી બનાવવામાં આવી છે."

૭ તમારી શાળાના કોઈપણ નિવૃત્ત થતા કર્મચારીની વિગત મોકલવાની રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી, કોઈ કેસમાં શંકા અગર ભૂલ જણાય તો સબંધિત ઝોન, ઓફિસે રૂબરૂ જઈ સર્વિસબુક ઉપરથી ચકાસણી કરી લેવી.

૮ ઘણી શાળાઓની માહિતી ખોટી આવે છે.સમજણ ના પડે તો રૂબરૂ ઝોન ઓફિસ કે પેન્શન વિભાગનો સંપર્ક કરવો.

૯ આ વિગત - માહિતી જાણકાર કર્મચારી સાથે રૂબરૂ મોકલવી બીટ પટાવાળા ભાઈઓ સાથે મોકલવી નહીં.

૧૦ આડાપત્રક સાથે નિવૃત્ત થતા કર્મચારીની પગારસ્લીપની ઝેરોક્ષ આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે પ્રમાણિત કરી સામેલ કરવી. આ પત્રક મોડામાં મોડું ૩૦-૦૧-૨૦૧૮ સુધીમાં પેન્શન વિભાગ,એલિસબ્રીજ શા.૧૦, સબંધિત ઝોન ઓફિસમાં મોકલી આપવાની તકેદારી રાખવી. જે શાળામાં આચાર્ય ના હોય ત્યાં શાળાના પ્રથમ આસિ.શિક્ષકે ચોકસાઈપૂર્વક આડુપત્રક બનાવી મોકલી આપવાનું રહેશે. પરિપત્ર વાંચી સમજી અને તે મુજબ અમલ કરવો.

૧૧ ધો.૧ થી ૫ના શિક્ષક નિવૃત્ત થતાં હોય તો પ્રા.શિ.લખવું તથા ધો.૬થી૮ના શિક્ષક નિવૃત્ત થતાં હોયતો ઉચ્ચ પ્રા.શિ. લખવું.

૧૨ ન.પ્રા.શિ.સમિતિમાં દાખલ થયા હોય તે તારીખ સળંગ નોકરીની તારીખના ખાનામાં લખવી.

**નિવૃત્ત થતા કર્મચારીની વિગત દર્શાવતું નમુનાનું આડુપત્રક :-**

પરિપત્ર નં...... તા. મુજબ સને ૨૦૧૮/૧૯ના સમય દરમ્યાન એટલે કે તા.૧-૪-૧૮ થી તા.૩૧-૩-૧૯ સુધીમાં નિવૃત્ત થવાને પાત્ર કર્મચારીઓની વિગત :-

શાળાનું નામ :-............. ડિપાર્ટમેન્ટ નંબર :-............. પૂ.પ્રા.વર્ગ :-............. ઝોન નં......

| ક્રમ | ડિપાર્ટમેન્ટ નંબર | શાળાનું નામ | એમ્પોલોઈ નંબર | નિવૃત્ત થનાર કર્મચારીનું નામ | હોદ્દો | જન્મ તારીખ | સળંગ નોકરીની તારીખ | નિવૃત્ત કરવાની તારીખ | પેન્શન કે પ્રો.ફંડ | જી.પી. ફંડ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

પ્રમાણપત્ર

આથી સર્ટી. આપવામાં આવે છે કે અત્રેની શાળાના શીડયુઅલ પોસ્ટ પરના તમામ કર્મચારીઓના પગારબીલ તેમજ કોમ્પ્યુટર પગાર સ્લીપ ઉપરથી ડીપાર્ટમેન્ટ નંબર-એમ્પ્લોઈ નંબર જી.પી.ફંડ નંબરની ચકાસણી કરવામાં આવે છે.

આડાપત્રકમાં જણાવેલ ઉપરોકત નિવૃત્ત થતાં કર્મચારીઓ સિવાયના બીજા કોઈ કર્મચારીઓ નિવૃત્ત થતા નથી. તેની ખાત્રી કરી ચોકસાઈપૂર્વક યાદી બનાવવામાં આવી છે.

આચાર્યશ્રીનો સહી/સિકકો

............. શાળા નં.....

નકલ રવાના :-

(૧) પેન્શન વિભાગ એલિસબ્રીજ શા.૧૦

(૨) ઝોન નં. ............

તા. ૧૨-૧-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી